**<u>એ.સી.બી.નવો કેસ નં–પ/૨૦૧૯</u>**
**<u>એ.સી.બી.જૂનો કેસ નં–૨/૨૦૧૮</u>**

**આરોપી સંજયભાઈ જહાભાઈ ડાભીની આંક–૯ ની ડીસ્ચાર્જ અરજી હેઠળ_ <u>હુકમ.</u>**

**મુળ આરોપી.** સંજયભાઈ જહાભાઈ ડાભી
ઉ.વ.૨૩
રહે. ૬૪, ખાદી વસાહત,
રેલ્વે સ્ટેશન રોડ,
રાણપુર
જી.બોટાદ

**૧.** આ કામે આરોપી સંજયભાઈ જહાભાઈ ડાભી ધ્વારા આંક–૯ થી સીઆર.પી.સી.કલમ–૨૨૭ અન્વયેની ડીસ્ચાર્જ અરજી રજુ રાખવામાં આવેલ છે. જે અન્વયે આંક–૨૧ થી તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપીની આંક–૯ ની ડીસ્ચાર્જ અરજી સામેના વાંધા રજુ કરેલ છે. આરોપી સંજયભાઈ જહાભાઈની આંક–૯ ની ડીસ્ચાર્જ અરજી, આંક–૨૧ થી તપાસ કરનાર અમલદાર ધ્વારા રજુ કરવામાં આવેલ વાંધા વંચાણે લેવામાં આવેલ છે તેમજ આરોપી સંજયભાઈ જહાભાઈ ડાભી તરફે વિ.વ.શ્રી એમ.પી.ઓઝા તેમજ ફરીયાદપક્ષે વિ.પી.પી.શ્રી કે.એમ. મકવાણાની રજુઆતો સાંભળવામાં આવી તેમજ આરોપી સંજયભાઈ ડાભી તરફે વિ.વ.શ્રી એ રજુ કરેલ સાઈટેશન વંચાણે લેવામાં આવેલ છે.

**૨.** આરોપી સંજયભાઈ જહાભાઈ ડાભી તરફે વિ.વ.શ્રી એમ.પી. ઓઝાએ રજુઆત કરતા જણાવેલ છે કે, આ કામે આરોપી વિરુધ્ધ ફરીયાદપક્ષે અમદાવાદ ગ્રામ્ય એ.સી.બી. પોલીસ સ્ટેશન એફ.આઈ.આર. નં–૧/૨૦૧૫ થી ભ્રષ્ટાચાર નિવારણ અધિનીયમની કલમ–૭,૧૨,૧૩(૧)(ડી)૧,૨,૩ તથા ૧૩(૨) મુજબના ગુન્હાનુ ચાર્જશીટ રજુ રાખેલ છે. તે મુજબ ફરીયાદીના કુટુંબી ભાઈ જયેશભાઈ અરજણભાઈ ધરજીયાનાઓના બે રેશનીંગ કાર્ડ તૈયાર કરી આપવાના હાલના આરોપી સંજયભાઈ જહાભાઈ ડાભીના કહેવાથી આરોપી અશોકભાઈ પિતાંબરભાઈ મકવાણા, રાણપુર

મામલતદાર કચેરીના પુરવઠા શાખાના કોમ્પ્યુટર ઓપરેટરનાઓએ રૂા.ર૦૦૦/– ફરીયાદી તથા પંચ નં–૧ ની હાજરીમાં હેતુલક્ષી વાતચીત કરી, રૂા.ર૦૦૦/– ની લાંચની માંગણી કરી, લાંચ સ્વિકારી આરોપી અશોકભાઈ પિતાંબરભાઈ પકડાઈ ગયેલ અને આરોપી સંજયભાઈ જહાભાઈ મામલતદાર કચેરીમાં વધારે માણસોની ભીડની તકનો લાભ લઈ નાસી જઈ ગુન્હો કરેલ હોવા સંબંધીની હકીકત જણાવેલ છે તેવો કોઈ જ ગુન્હો ચાર્જશીટ તથા ચાર્જશીટ સાથે રજુ થયેલ દસ્તાવેજોથી પુરવાર થતો નથી. કેસની હકીકત મુજબ જયેશભાઈ અરજણભાઈના રેશનીંગ કાર્ડ કઢાવવાના હતા, પરંતુ ફરીયાદીને આ રેશનીંગ કાર્ડવાળા જયેશભાઈ સાથે કોઈ પણ જાતનો સંબંધ હોય તેવુ ચાર્જશીટના કાગળો વંચાણે લેતા જણાઈ આવતુ નથી અને હાલના ફરીયાદી પાસે રેશનીંગ કાર્ડની કામગીરી સંબંધે આરોપી સંજયભાઈ ડાભીએ કોઈ માંગણી કરેલી હોય કે લાંચ સંબંધેની કોઈ વાતચીત આરોપી સંજયભાઈએ ફરીયાદી સાથે કરેલી હોય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી. વિશેષમાં તપાસના કામે મામલતદાર કચેરીના તથા મામલતદારશ્રીના જે રેકર્ડ રજુ થયેલ છે તે મુજબ જયેશભાઈના રેશન કાર્ડ માટેની કોઈ માંગણી પેન્ડીગ હોય અને તે અંગેની કોઈ અરજી આપેલી હોય કે તેની કામગીરી પેન્ડીગ હોય તેવુ પણ જણાઈ આવતુ નથી. આમ, જયારે જે કામગીરી માટે ફરીયાદ મુજબના તકરારી રેશન કાર્ડની કામગીરી જ પેન્ડીગ નથી ત્યારે પ્રથમદર્શનીય રીતે જ પી.સી. એકટ સેંકશન–૭ નો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને જયારે જયેશભાઈ નામના વ્યકિતના કોઈ રેશન કાર્ડની કામગીરી જ પેન્ડીગ કે એવી કોઈ અરજી પેન્ડીગ નથી ત્યારે તે સંબંધેની લાંચની ડીમાંન્ડનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ચાર્જશીટના કાગળો સાથે રેઈડનુ પંચનામુ તથા મોબાઈલ વાતચીતનુ પ્રિસ્ક્રીપ્શન રજુ છે તેમાં આરોપી સંજયભાઈ ડાભી તથા ફરીયાદી વચ્ચેના કોઈ લાંચની માંગણી અંગેની હેતુલક્ષી વાતચીત થયેલ હોવાનુ જણાઈ આવતુ નથી કે તેવુ રેકોર્ડીગ થયેલ નથી. પંચનામુ ધ્યાને લેતા ત્યાં હાલના આરોપી સંજયભાઈ ડાભીની હાજરી જણાઈ આવતી નથી. આ સંજોગોમાં જયેશભાઈના કે તેમના પિતાના રેશન કાર્ડની કામગીરી પેન્ડીગ ન હોય, હાલના આરોપીએ ફરીયાદી રસીકભાઈ જેમાભાઈ પાસે લાંચની રકમની માંગણી કર્યાની હકીકત પ્રથમદર્શનીય માની શકાય તેવી હકીકત જણાઈ આવતી ન હોય, આરોપી સંજયભાઈ ડાભી પાસેથી કોઈ એક્ષ્પેટેશન

કે રીકવરી થયેલ ન હોય અને ડીમાંન્ડ સંબંધી હકીકત પ્રથમદર્શનીય જણાઈ આવતી ન હોય તેમજ આ કામના ફરીયાદીએ વોઈસ રેકોર્ડીગ માટે નમુના આપવાની પણ ના પાડેલ છે તે જોતા તેણે ખોટીરીતે અને ઉપજાવી કાઢેલી ફરીયાદ કરેલી હોવાનુ માની શકાય તેમ છે, તે સંજોગોમાં આરોપી સંજયભાઈ ડાભી વિરુધ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનીયમ–૧૯૮૮ ની કલમ–૭,૧૨,૧૩(૧)(ડી)૧,૨,૩ તથા ૧૩(૨) મુજબનો ચાર્જ ફરમાવી શકાય તેટલો પ્રથમદર્શનીય પુરાવો ન હોય, સીઆર. પી. સી. કલમ–૨૨૭ ના પ્રબંધો અન્વયે ચાર્જશીટમાંથી ડીસ્ચાર્જ કરવા રજુઆત કરેલ છે. વિ.વ.શ્રી એમ.પી.ઓઝાએ તેમની દલીલોના સમર્થનમાં સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન (કવોશીગ) નં–૪૪૬૧/૨૦૧૬ બળવંતસિંહ ખેંગારસિંહ જાડેજા વિરુધ્ધ વી.બી. રાઠોડનુ ગુજરાત હાઈકોર્ટના માનનીય જસ્ટીશ સાહેબશ્રી જે.બી.પારડીવાળાનાઓનુ સાઈટેશન રજુ કરેલ છે જે માનભેર વંચાણે લેવામાં આવેલ છે.,

૪. સરકાર તરફે વિ.પી.પી.શ્રી કે.એમ.મકવાણાની રજુઆતો છે કે આ કામે ડીસ્ચાર્જની અરજી કરનાર આરોપી સંજયભાઈ જહાભાઈ ડાભી તથા આરોપી અશોકભાઈ પિતાંબરભાઈ મકવાણા બંને મામલતદાર ઓફીસ રાણપુર ખાતે કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કામ કરતા હતા અને તા.૨૯/૧૨/૨૦૧૪ ના રોજ આરોપી સંજયભાઈ ડાભી કે જે રાણપુર મામલતદાર કચેરી પુરવઠા શાખામાં રેશન કાર્ડ કાઢી આપવાનુ કામ કરતા હતા. તેમની સમક્ષ ફરીયાદી રસીકભાઈ જેમાભાઈ ધરજીયા તેમના સંબંધી જયેશભાઈ અરજણભાઈ ધરજીયા સાથે ગયેલા ત્યારે આરોપીઓ જયેશભાઈના બે રેશન કાર્ડ તૈયાર થઈ ગયેલ હોય એન વ્યવહારના રૂા.૨૦૦૦/– તા.૩૦/૧૨/૨૦૧૪ ના રોજ બપોર પછી આપી જજો અને રેશન કાર્ડ લઈ જજો તેમ જણાવેલ અને ફરીયાદીને આરોપી સંજયભાઈએ માંગેલી લાંચની રકમ આપવાની ઈચછા ન હોય, પોલીસ ઈન્સ્પેકટર, અમદાવાદ ગ્રામ્ય એ.સી.બી. ખાતે તેમણે જાણ કરેલી અને ત્યારબાદ ગોઠવાયેલ લાંચના છટકા દરમ્યાન પી.આઈ. વી.કે. દેલવાડીયા અમદાવાદ ગ્રામ્ય એ.સી.બી. નાઓ, પોલીસ સ્ટાફ, ફરીયાદી તથા પંચો રુબરુના તા.૧/૧ /૨૦૧૫ ના રોજ ગોઠવેલ લાંચના છટકા દરમ્યાન હાલના આરોપી સંજયભાઈ મામલતદાર ઓફીસમાં થયેલ માણસોની ભીડની તકનો લાભ લઈ ભાગી ગયેલ અને

અન્ય આરોપી અશોકભાઈ પિતાંબરભાઈ રૂા.૨૦૦૦/– ની લાંચની રકમ પંચનામાની વિગતે સ્વિકાર કરતા પકડાઈ ગયેલ હોય તે હકીકતને પોલીસ તપાસના ચાર્જશીટના કાગળોથી સમર્થન મળતુ હોય, આરોપી સંજયભાઈ ડાભીએ લાંચની રકમની ડીમાંન્ડ કરેલી, જે આરોપી અશોકભાઈ પિતાંબરભાઈએ આ ડીમાંન્ડની લાંચની રકમ સ્વિકાર કરતા રંગે હાથ પકડાઈ ગયેલ છે, તેથી આરોપીઓ વિરુધ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનીયમ–૧૯૮૮ ની કલમ–૭,૧૨,૧૩–(૧)(ડી)૧,૨,૩ તથા ૧૩(૨) મુજબનો ચાર્જફ્રેમ કરવા માટેનો પ્રથમદર્શનીય પુરાવો જણાઈ આવતો હોય, હાલની આ ડીસ્ચાર્જ અરજી રદ્દ કરવા જણાવેલ છે.

**પ.** આ કામે ફરીયાદ તથા ચાર્જશીટમાંના પોલીસ તપાસના કાગળો, તપાસ કરનાર અમલદારના ડીસ્ચાર્જ અરજી સામેના આંક–૨૧ થી રજુ થયેલ વાંધા જવાબ વિગેરે વંચાણે લીધા. બંને પક્ષકારોના વિ.વ.શ્રી ઓની રજુઆતો સાંભળી. આરોપી તરફે વિ.વ.શ્રી એમ.પી.ઓઝાએ રજુ કરેલ સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન (કવોશીંગ) નં–૪૪૬૧/૨૦૧૬ બળવંતસિંહ ખેંગારસિંહ જાડેજા વિરુધ્ધ વી.બી. રાઠોડનુ ગુજરાત હાઈકોર્ટના માનનીય જસ્ટીશ સાહેબશ્રી જે.બી.પારડીવાળાનાઓનુ સાઈટેશન માનભેર વંચાણે લેવામાં આવેલ છે.

**૬.** હાલના કિસ્સામાં ફરીયાદવાળા બનાવની ટુંકમાં હકીકત જોઈએ તો આ કામના ફરીયાદી રસીકભાઈ જેશભાઈ ધરજીયાના કુટુંબી ભાઈ જયેશભાઈ અરજણભાઈ ધરજીયાનાઓના બે રેશનીંગ કાર્ડ તેયાર કરી આપવાના આરોપી સંજયભાઈ ડાભી રાણપુર મામલતદાર કચેરીના પુરવઠા શાખાના કોમ્પ્યુટર ઓપરેટરે તા.૩૦/૧૨ / ૨૦૧૪ ના રોજ બપોર પછી રૂા.૨૦૦૦/– આપી, રેશન કાર્ડ લઈ જવાનો વાયદો કરેલો, જે ફરીયાદીને રૂા.૨૦૦૦/– ની લાંચ આપવાની ઈચ્છા ન હોય, જે અંગેની પો.સ.ઈ.શ્રી વી.કે. દેલવાડીયા, અમદાવાદ ગ્રામ્ય એ.સી.બી. પોલીસ સ્ટેશન રુબરુ ફરીયાદીએ ફરીયાદ આપતા ફરીયાદ લઈ લાંચના છટકાનુ આયોજન કરી, ફરીયાદીની ફરીયાદ આધારે બે સરકારી પંચો તથા એ.સી.બી. સ્ટાફના માણસો સાથે રાખી, લાંચના છટકાનુ તા.૩૦/૧૨/૨૦૧૪ ના રોજ આયોજન કરવામાં આવેલ, જે

લાંચના છટકાના આયોજન દરમ્યાન આરોપી સંજયભાઈ ડાભીનાઓ પોતાની ફરજ ઉપર હાજર ન હોય, લાંચનુ છટકુ પેન્ડીંગ રાખવામાં આવેલ અને તા.૧/૧/૨૦૧૫ ના રોજ લાંચનુ છટકુ ગોઠવવાનુ નકકી કરવામાં આવેલ. બાદ તા.૧/૧/૨૦૧૫ ના રોજ લાંચના છટકાનુ આયોજન કરવામાં આવેલ, જે લાંચના છટકા દરમયન તા.૧/૧ /૨૦૧૫ ના રોજ કલાક–૧૫/૦૦ વાગ્યે આરોપી સંજયભાઈ ડાભીનાઓના કહેવાથી આરોપી અશોકભાઈ પિતાંબરભાઈ મકવાણા,કોમ્પ્યુટર ઓપરેટરનાઓએ રૂા.૨૦૦૦/– ફરીયાદી તથા પંચ નં–૧ ની હાજરીમાં હેતુલક્ષી વાતચીત કરી, લાંચના નાંણા રૂા.૨૦૦૦/– સ્વિકારતા આરોપી અશોકભાઈ પિતાંબરભાઈ પકડાઈ ગયેલ અને આરોપી સંજયભાઈ ડાભી મામલતદારશ્રીની કચેરીમાં વધારે માણસોની ભીડના કારણે તકનો લાભ લઈ નાસી ગયેલ.

**૭.** આરોપી સંજયભાઈ જહાભાઈ ડાભી તથા આરોપી અશોકભાઈ પિતાંબરભાઈ મકવાણા વિરુધ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનીયમ–૧૯૮૮ ની કલમ–૭,૧૨,૧૩–(૧)(ડી) ૧,૨,૩ તથા ૧૩–(૨) મુજબના ગુન્હાનો કેસ છે તે સંબંધે ચાર્જશીટના પોલીસ તપાસના કાગળોની હકીકતો જોતા ફરીયાદી તથા સાહેદ જયેશભાઈના નિવેદનથી આરોપીએ જયેશભાઈના પિતા અરજણભાઈના રેશન કાર્ડ બાબતે લાંચની રકમની માંગણી કર્યાની હકીકતને પ્રથમદર્શનીયરીતે સમર્થન મળતુ હોય અને આરોપી સંજયભાઈ ડાભીએ લાંચની રકમની માંગણી કર્યાનુ ચાર્જશીટના કાગળો જોતા પ્રથમદર્શનીયરીતે જણાઈ આવતુ હોય, સીઆર.પી.સી.કલમ–૨૨૭ મુજબના તબકકે ગુણદોષ ઉપર પુરવાનુ મુલ્યાંકન કરવાનુ હોતુ નથી. પરંતુ આરોપી વિરુધ્ધ પ્રથમદર્શનીત રીતે ચાર્જ ફરમાવી શકાય તેટલો પુરાવો છે કે કેમ ? તે જ સુનિશ્ચિત કરવાનુ હોય છે. આ કામે આરોપી સંજયભાઈ ડાભીએ રાણપુર મામલતદાર કચેરીમાં તા.૩૦/૧૨/૨૦૧૪ ના રોજ ફરીયાદીના ઓળખીતા જયેશભાઈ અરજણભાઈ ધરજીયાના બે રેશન કાર્ડ કાઢી આપવા સંબંધે રૂા.૨૦૦૦/– ની લાંચની માંગણી કર્યા સંબંધેની હકીકતને પ્રથમદર્શનીયરીતે પુરાવો છે અને ફરીયાદી હાલના આરોપી સંજયભાઈ ડાભીને લાંચની રકમની માંગણીના આધારે ગોઠવાયેલા છટકામાં આરોપી સંજયભાઈ ડાભી સ્થળ ઉપરથી નાસી ગયેલ અને આરોપી અશોક

પિતાંબરભાઈ રુા.૨૦૦૦/– ની લાંચ લેતા પકડાઈ ગયેલ હતા અને હાલના આરોપી સંજયભાઈ ડાભી વિરુધ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનીયમ–૧૯૮૮ ની કલમ–૭,૧૨,૧૩–(૧)(ડી)૧,૨,૩ તથા ૧૩(૨) મુજબના ગુન્હાનો ચાર્જ ફરમાવી શકાય તેવો પ્રથમદર્શનીય પુરાવો ચાર્જશીટમાંના પોલીસ તપાસના કાગળો વંચાણે લેતા જણાઈ આવતો હોય, તે સંજોગોમાં આરોપી સંજયભાઈ ડાભી તરફે વિ.વ.શ્રી એમ.પી.ઓઝાએ રજુ કરેલ સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન (કવોશીંગ) નં–૪૪૬૧ /૨૦૧૬ બળવંતસિંહ ખેંગારસિંહ જાડેજા વિરુધ્ધ વી.બી. રાઠોડનુ નામદાર ગુજરાત હાઈકોર્ટના માનનીય જસ્ટીશ સાહેબશ્રી જે.બી.પારડીવાળાનાઓનુ સાઈટેશન માનભેર વંચાણે લેવામાં આવેલ છે, પરંતુ રજુ થયેલ સાઈટેશનના કેસની હકીકત અને હાલના કેસની હકીકત ભિન્ન,ભિન્ન હોય, હાલના કેસમાં આરોપી સંજયભાઈ જહાભાઈ ડાભીના કેસને મદદરુપ બનતુ નથી તેવુ હું નમ્રપણે માનુ છું. તે સંજોગોમાં આરોપી સંજયભાઈ જહાભાઈ ડાભીનાઓની સદર સીઆર.પી.સી. કલમ–૨૩૭ અન્યેની આ ડીસ્ચાર્જ અરજી મંજુર થવા પાત્ર ન હોય, નીચે મુજબ હુકમ ફરમાવુ છું.

**:: હુ ક મ ::**

// આ કામના આરોપી સંજયભાઈ જેહાભાઈ ડાભી ધ્વારા તેમની વિરુધ્ધના અમદાવાદ ગ્રામ્ય એ.સી.બી. પોલીસ સ્ટેશન એફ.આઈ.આર. નં–૧/૨૦૧૫ થી ભ્રષ્ટાચાર નિવારણ અધિનીયમની કલમ–૭,૧૨,૧૩(૧)(ડી)૧,૨,૩ તથા ૧૩–(૨) મુજબના ગુન્હાના કામે પોલીસ તપાસના અંતે ચાર્જશીટ રજુ થયેલ છે તે ચાર્જશીટમાંથી ડીસ્ચાર્જ કરવા અંગેની સદર સીઆર.પી.સી. કલમ–૨૨૭ અન્વયેની આંક–૯ ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૫/૦૨/૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૫/૦૨/૨૦૨૨<br>
બોટાદ

(અતુલકુમાર ઈચ્છાશંકર રાવલ)<br>
પ્રિન્સીપાલ ડીસ્ટીકટ એન્ડ સેસન્સ જજ<br>
બોટાદ<br>
જી જે–૦૦૩૪૨

પી.ડી.મકવાણા